Extra No. 167

© 

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] MONDAY, JUNE 22, 2026 / ASADHA 1, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા:**

(૧) ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક હિંમતનગર-સાબરકાંઠાના પત્ર ક્રમાંક:વહટ-૪ /ફા.બટ /જાહેરનામું /૧૧૯૮૨/ ૨૦૨૬, તા.૧૮/૦૬/૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)

**-::જાહેરનામું:-**

નં.ડી.સી./પી.ઓ.એલ./વશી/૪૬૫ થી ૪૭૩/૨૦૨૬.-અરવલ્લી જિલ્લાનાં ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામ ખાતે ફાયરીંગ બટ આવેલ છે. વંચાણે લીધેલ પત્ર-૧ મુજબ સદર ફાયરીંગ બટમાં સાબરકાંઠા જિલ્લા ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનું સને-૨૦૨૫નું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ તા.૨૨/૦૬/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ સુધી થનાર છે. સદર ફાયરીંગ પ્રેક્ટીસ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે અગમચેતીના પગલાં રૂપે ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તરમાં રાહદારીઓ તેમજ વાહનોના પ્રવેશવા સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જેથી વંચાણે લીધેલ પત્ર-૧ થી રજુ થયેલ દરખાસ્ત અન્વયે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઉચિત જણાય છે.

આથી હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩-(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના ફાયરીંગ બટ ઉપર સાબરકાંઠા જિલ્લાના પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને સને-૨૦૨૫નું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવા માટે ઉકત બટ વિસ્તારની આજુબાજુના ૧.૬ કિ.મી. ની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ તા.૨૨/૦૬/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

આ હુકમ ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે ફરીયાદ માંડવા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાઅધિકારીઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

બિનઅધિકૃત પ્રવેશથી જો કોઇ નુકશાન થશે તો કોઇપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

અરવલ્લી-મોડાસા, તા.૨૦મી જૂન, ૨૦૨૬

**મિલિન્દ બાપના**
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.29 17:27:23 IST